ગાંધીજીનાં રચેલાં પુસ્તકો.

૧ મારો જેલનો અનુભવ ૦-૬-૦

(સચિત્ર બીજી આવૃત્તિ તૈયાર થાય છે.)

૨ ઇજીપ્તનો ઉદ્ધારક.

(જેમાં એ લેખ ઉપરાંત ગાંધીજીના આફ્રિકાવાળા પત્ર ઇંડિયન ઓપિનિયનમાંના બે ત્રણ સરસ લેખો આપ્યા છે.) ૦-૬-૦

૩ સત્યાગ્રહ.

(હંટર કમિટી આગળ અપાયેલી ગાંધીજીની જુબાની તથા એમના બીજા સત્યાગ્રહ વિષયપરના કેટલાક લેખો) ૦-૮-૦

મૈનીતિ તથા સર્વોદય.

બેનું એક પુસ્તક ગાંડીવ સાહિત્ય મન્દિર તરફથી થાય છે. ટૂંક વખતમાં બહાર પડશે.)

આલમને.

ઓને સંબોધીને કરેલાં પ્રવચનો.) ૦-૪-૦

ય.

ર્ણુંજ આગળ વધેલું સરસ પુસ્તક.) ૦-૮-૦

મળવાનું સ્થળઃ—

સાહિત્ય મન્દિર, સુરત.

ગાંડીવ પત્રિકા માળા. મણુકો ૫ મો.

ગાંધીજીની દિવ્ય વાણી.

મહાત્મા ગાંધીજીના જુદા જુદા લેખો, ભાષણો પુસ્તકો, પ્રવચનો વિગેરેમાંથી ચૂંટી કાઢેલો સિદ્ધાંત જેવા નાનકડા વાક્યોનો સંગ્રહ.

शठं प्रत्यपि सत्यम्.

પ્રગટ કર્તા.
ગાંડીવ સાહિત્ય મન્દિર
સુરત

કિમ્મત એક આનો

ી દિવ્ય વાણી.

અંગત.

ગીપણાનો ઇન્કાર કરૂં છું. હું જવાબી કે ન્કાર કરૂં છું. મારામાં સાધુ સંન્યાસીપણાનો આરોપ ... ન્ય નથી. હું માટીનો માણસ છું, માટીમાંથી પેદા થયો છું. તમારામાંના દરેકના જેવો-કદાચ તમારાથી વધારે દુનિયાદાર સાદો ખેડુત છું. તમારા જેટલીજ દુર્બળતાઓથી ઘેરાએલો છું. પણ મેં કાળા માથાના માનવીને માથે પડનારી કણમાં કઠણ કસોટીઓ પાર પાડી છે. એ પાર કરવાની પૂરી તાલીમ લીધી છે. મેં મારા પવિત્ર હિંદુધર્મનું રહસ્ય ઓળખ્યું છે. અસહકાર એ સાધુસંન્યાસી કે ત્યાગી વેરાગીઓનેજ સારૂ નહિ પણ દરેક સામાન્ય શહેરીને માટે, વધુ વાતો જાણ્યા વિના, ઉંડા પાણીમાં ઉતર્યા વિના-ઉતરવાની ઇચ્છા કર્યા વિના-કેવળ પોતાનો માન્ય ગૃહસ્થ ધર્મ બજાવવા ઇચ્છનાર માણસને માટે પણ છે.

ને ચરણસ્પર્શ નથી ગમતો. મને તે અતિશય અપ્રિય છે. હિંદુસ્થાનનું તો પતનજ રહ્યું છે. હિંદુસ્થાન ચરણસ્પર્શથી જય નથી મેળવવાનું; હિંદુસ્થાનને હું ટટાર ઉભેલું જોવા છું.

સત્યને શોધતો, સત્ય આચરતો અને સત્યનુંજ ચિંતવન કરવા ઇચ્છું છું.

ખી દુનિઆની સાથે મિત્રભાવે રહેવું એ મારો ઉદ્દેશ છે,

અન્યાયની સામે પૂર જોરથી લડતાં છત
શકાય એ મારો દૃઢ નિશ્ચય છે.

હિન્દ જે દિવસે તલવારનો ન્યાય સ્વી
તરીકેનું મ્હારૂં જીવન સમાપ્ત થશે.

મને મરડો થાય અને હું મરણ પામુ તે
મરતાની ભૂખ કાપવા જતાં સર્પદંશથી મૃત્યુ
પસંદ કરે.

મારૂં ઘર કોઈ લૂંટારો લૂંટી જાય તો હું ... શકુ
છું કારણ હું બીજું મેળવી શકું છું. પણ મારૂં માનભંગ થઇ જાય,
મારૂં પુરૂષત્વ, શીલ્ત્વ લૂંટવામાં આવે તો હું એ પાછું કેમ
મેળવી શકું ?

મને ઇશ્વરે એક માંકડ સરખાને પણ સરજવાની તાકાત
આપી નથી, તો પછી કોઇને મારવાનું કામ પણ મારૂં નથી.
મરવાનું કામ મારૂં છે; હું મારૂં, મારી સ્રીનું, મારા દેશનું
રક્ષણ કરવામાં માથું આપું ત્યારે હું શુદ્ધ ક્ષત્રિય છું.

મારા પકડાયાથી ખૂન થશે તો મારૂં પણ તત્કાળ ખૂન કરશે
એમ સમજજો.

હિંદુસ્થાનને માટેજ જો હું મરૂં તો હું જાણીશ કે હું જી
માટે લાયક છું.

એક કામ પૂરૂં ન થયું હોય ત્યાં સુધી તેને માટેજ જી
અને તેને માટેજ મરવું એ મારો સિદ્ધાંત છે.

જગતને વધારે વિચારૂં છું તેમ તેમ વધારે સમજાય ।
તવંગર થવા કરતાં ગરીબ રહેવામાં વધારે આશ્વાસન છે.

સ્ત્રી.

સ્ત્રીઓના હાથમાં ધર્મનું રક્ષણ રહેલું છે. પુરુષ બાહ્ય પ્રવૃત્તિમાં અતિશય રોકાવાથી ઘણી વાર ધર્મને ભૂલે છે, કેટલીક વાર ત્યજે છે. પણ સ્ત્રી જેમ પોતાના બાળકને જીવ સમાન ગણીને સાચવે છે તેમ ધર્મને પણ જીવ સમાન ગણીને સાચવે છે. તેથી મેં તો હમેશાં માન્યું છે કે હિન્દુસ્થાનની મુક્તિ સ્ત્રીઓની ઉન્નતિમાંજ રહેલી છે.

જ્યારે સ્ત્રીઓના દિલમાં હિમ્મત આવે, ભક્તિ આવે, શ્રદ્ધા આવે, ઇશ્વર તેમના હૃદયનો પતિ બને, તેઓ ઇશ્વરથીજ ડરતી થાય, મનુષ્યથી ડરતી મટે; તોજ હિન્દુસ્તાનમાં મર્દો પેદા થાય.

જ્યારે હિન્દુસ્તાનની બ્હેનો જાગ્રત થાય ત્યારે સ્વરાજને કોણ રોકી શકનાર છે? સ્ત્રીઓ ધર્મની રક્ષા કરતી આવી છે. સ્ત્રીઓએ વીર પુરુષોને પેદા કર્યાં ત્યારે દેશો સ્વતંત્ર બન્યા છે. સ્ત્રીઓએ પવિત્રતા જાળવી ધર્મને અખંડિત રાખ્યો છે. સ્ત્રીઓએ પોતાના સર્વસ્વનું બલિદાન કરી પ્રજાનું રક્ષણ કર્યું છે. એ સ્ત્રીઓ જ્યારે પ્રજાનું દુઃખ સમજે ત્યારે તે દુઃખ કેટલા દહાડા નભી શકે?

ધર્મ સાચવવો એ નથી બ્રાહ્મણોના હાથમાં કે નથી પુરૂષોના હાથમાં. એ તો સ્ત્રીઓનાજ હાથમાં છે. સમાજનો પાયો ગૃહ છે અને ધર્મ ગૃહમાં કેળવવાનો છે. ગૃહની સુવાસ આખા સમાજમાં ...રશે. કોઈ શહેરમાં ભલે તેટલો ધમધોકાર વેપાર ચાલતો હોય, ...ી આબાદી દેખાતી હોય, પણ ત્યાં જો ગૃહ સારાં

નહિ હોય તો એ શહેર સારૂં નથી એમ હું તરત કહું. સ્ત્રી ગૃહની દેવતાઓ છે. એ જો ધર્મ ન પાળે તો પ્રજાનું સત્યાનાશ વળી જાય.

દાગીના એ સ્ત્રીધન છે. તેની ઉપર પુરૂષનો કશો અધિકાર નથી. સ્ત્રીઓ દાગીનાનો ઉપયોગ સત્કાર્યમાં કરે તેમાં પતિએ વચમાં ન આવવું જોઇએ એવો મારો નમ્ર અભિપ્રાય છે.

આપણી સ્ત્રીઓ આપણી સહચરી, આપણી અર્ધાંગના, આપણા સુખદુઃખની ભાગીયણ ન બને ત્યાં સુધી આપણા સર્વ પ્રયાસ મિથ્યા જણાય.

સ્વરાજ્ય.

સ્વરાજ્ય મેળવવું હોય તો આપણે પવિત્ર બનવું જોઇશે પવિત્ર બનવું એટલે જિતેન્દ્રિય થવું.

પ્રજાના સત્યમાં, પ્રજાની દૃઢતામાં અને પ્રજાની સહનશીલતામાં સ્વરાજ્ય રહેલું છે. ન્યાય મેળવવાની આપણી સત્તા એ સ્વરાજ્ય ભોગવવાની આપણી શક્તિનું માપ છે. જેણે કાયદા પાળી જાણ્યા છે તેજ ભોગવવાની કળા જાણે છે.

સત્ય વિના નિર્ભયતા નથી. ને સ્વદેશી વિના અર્થબળ નથી. તેથી સત્ય અને સ્વદેશીના સેવનમાંજ સ્વરાજ્ય છે.

જો પ્રજા કશું બાકી રાખ્યા વિના પોતાનું સર્વસ્વ દેવા આજે તૈયાર હોય તો આજ ક્ષણે સ્વરાજ્ય હું હાથમાં મૂકાવી દેવડાવવા તૈયાર છું.

વિદ્યાર્થીની ઉપરજ હિંદુસ્તાનની સ્વતંત્રતા નિર્ભર છે. જેણે સ્વતંત્રતા ખોઈ તેણે સર્વસ્વ ખોયું, ધર્મ ખોયો. આપભોગ વિના, સ્વાર્થત્યાગ વિના, તાલીમ વિના સ્વરાજ્ય અસંભવિત હું માનું છું.

અંગ્રેજોનું બૂરૂં જોવાના કરતાં તમે તમારૂં પોતામાંનુંજ બૂરૂં , અને તેને કાઢજો; એટલે તમે સ્વતંત્ર-છૂટા થશો.

જ્યારે હિંદુસ્તાનના ખેડુતો જાણશે કે સ્વરાજ્ય શું છે ત્યારે કોઈ સ્વરાજ્ય રોકી શકનાર નથી.

ગમે તેટલું સુંદર સુરાજ્ય પણ સ્વરાજ્યની ગરજ સારી શકે નહીં.

સ્વરાજ્યનું સૌથી પહેલું અને છેલ્લુ પગથીઉં પોતે સ્વચ્છ બનવું એ છે.

ગુલામીમાં રહેવા કરતાં દરિયામાં પડવું બહેતર છે.

ભિક્ષા માગીને શિક્ષણ લેવાની તાકાત ન આવી હોય તો હું એવા વિદ્યાર્થીઓ મારફત દેશની સ્વતંત્રતા નથી મેળવવા માગતો.

જૂઠ, યુક્તિ, દંભ, ડોળ, ઇત્યાદિને અહીં જગાજ નથી. સાચો રસ્તો લેવો ને તે રસ્તે ચાલતાં મારવું નહિ પણ મરવું. 'મરીને જીવવાનો મંત્ર' શીખવો છે. એ મંત્રને અનુસરીનેજ જગત્ જીવે છે. બીજ મરે છે ત્યારેજ ધાન્ય પાકે છે. મા મરતાં લગી કષ્ટ ભોગવે છે ત્યારેજ બચ્ચું જીવે છે. યજ્ઞ વિના ખાવું તે ચોરીનું ધન છે. બલિદાનથીજ સ્વરાજ્ય મળે અને એ બલિદાન, એ કુરબાની પવિત્ર-પાક હોય તોજ ઇશ્વરને ભાવે.

સ્વરાજ્ય તો એજ કહેવાશે કે જેમાં એક પણ માણસ વગર વાંકે ને પરાણે ભૂખ્યું કે નાગું ન રહે.

સ્વરાજ્ય એટલે ધર્મરાજ્ય. જો ચાલુ રાજનીતિ બદલી બી… બીજી રાજનીતિ દાખલ કરીએ તો તે સ્વરાજ્યમાં … તે વડે લોકકલ્યાણ નહિ થાય. નિર્દોષતા જ્યારે દો… લાગે ત્યારે સ્વરાજ્યની નોબત ગગડી સમજવી. પણ … આમ દોષ કરે ત્યારે જો લોકો નિર્દોષતાથી ડરવા લાગે તો ગુલામીની સાંકળનો ચળકાટ વધે.

સ્વરાજ્ય એટલે મરણભયનો ત્યાગ. જે પ્રજા મરણના ભયથી અકળાય તેનાથી સ્વરાજ્ય ન મેળવી શકાય ન રાખી શકાય.

જેઓ શાંતિનો ભંગ કરે છે તેઓ દેશના શત્રુ છે.

અસહકાર.

જ્યાં સુધી સરકાર તમારાં માનઇજ્જત રક્ષનારી છે ત્યાં સુધી તેનો જોડેનો સહકાર એ ધર્મ છે, પણ જ્યારે એજ સરકાર તમારી ઇજ્જતને સાચવવાને બદલે લૂંટવા લાગે ત્યારે તેવી સરકારની જોડે સહકાર નહિ પણ અસહકાર તેટલોજ જરૂરી છે.

આપણી કેળવણીને સારૂ, આપણા કજીયા પતાવવા સારૂ, આપણા કાયદા સારૂ, આપણા પોષાક સારૂ, જો આપણે ઇંગ્રેજ સામું જોઇને બેસી રહેવું પડે તો આપણે કઇ રીતે અસહકાર કરી શકીએ?

જિતેન્દ્રિય થયા વિના અસહકારની લડત લડવી કઠણ છે, જે માણસ ઉભે જૂઠું બોલતો નથી, ભંડું ખાતો નથી; જે ધૂર્ત

[illegible]થી, જેની નજર સાફ છે, જે માણસને પોતાની સ્ત્રી
બધી સ્ત્રીઓ મા બ્હેન સમાન છે, જેને પોતાનું મન કાબૂમા છે, તે જિતેન્દ્રિય છે.

બીજા સામે જે સત્યાગ્રહ કરે તે પોતાને હાથે જુલમ કરતો નથી.

મને અંગ્રેજો પ્રત્યે દ્વેષ નથી; પણ અસત્યની જોડે, આંખ મીંચામણાંની જોડે, અન્યાયની જોડે મારે હાડવેર છે.

અનુભવે જોઉં છું કે જે માણસ દેશહિતને કારણે સત્યાગ્રહી થવા માગે છે તેણે બ્રહ્મચર્ય પાળવું જોઇએ, ગરીબાઇ ધારણ કરવી જોઇએ, સત્યનું તો સેવન કરવું જ પડે, અને તેનામાં અભયતા આવવી જોઇએ.

આજે હું બ્રિટિશ પ્રજાને કહી રહ્યો છું કે હું તમને ચાહું છું અને તેમની સોબત ઇચ્છું છું. પણ એ સોબત ચોક્ખી શરતોએ ઇચ્છું છું. મને તો મારું સ્વમાન જાળવીને તેમના ચોક્ખા બરોબરીયા બનીને જ રહ્યું પોષાય તેમ છે. જો એ બરોબરીયાપણું આપવા બ્રિટિશ પ્રજા તૈયાર ન હોય તો મારે એ બ્રિટિશ સંબંધ નથી.

સાચો સત્યાગ્રહી જાતે માગે તે જ હક્ક પોતાના વિરોધીઓને પણ આપે.

આર્થિક

આપણે જ્યારે સ્વદેશી ધર્મ છોડ્યો ત્યારથી આપણું અધઃપતન શરૂ થયું.

સ્વદેશી ધર્મ એ છે કે દરેક ગામડું પોતાની જરૂરીઆતની ચીજો પોતેજ પેદા કરી લે.

દેશમાં અનાજ નથી, વસ્ત્ર નથી અથવા બન્ને બહુ મોંઘા છે. દૂધ, ઘીનો તો ઘણાને ત્યાગ કરવો પડે છે. તે અવસરે મુખ્ય ધર્મ આ બે વસ્તુ પેદા કરવામાં ને પૂરી પાડવામાં સમાઇ જાય છે. ભુખ્યાનું પેટ ભરવું ને નાગાંને ઢાંકવા પછી જ આપણે ખાઇએ પહેરીએ. તેમાં દયાધર્મનો સમાવેશ થઈ જાય છે.

જ્યાંલગી હિન્દુસ્તાનમાં કરોડો ભૂખે મરે ત્યાં લગી આપણને પાર્ટીઓ આપવાનો, જમણ કરવાનો, આડંબરયુક્ત વિવાદ કરવાનો, એશઆરામમાં ખર્ચ કરવાનો અધિકાર જ નથી. આપણે ઉત્તમ પકવાનો પણ ન ખાઇ શકીએ.

દેશ જ્યાંસુધી પરતંત્ર દશામાં છે ત્યાંસુધી બારીક સુતરનું કાપડ આપણને હરામ થવું ઘટે.

ખાદી એ મારો તો ભોગવિલાસ છે. રેશમ મારે શરીરે અડકાવવું એ મારા શરીર ઉપર અત્યાચાર કરવા સમાન છે.

હું પરદેશને નુકસાન ન પહોંચાડું તેમ મારા દેશને પણ નુકસાન ન થવા દઉં, જેમ માન્ચેસ્ટરનો વેપાર હિન્દને નુકસાન કર્તા હોઈ તેથી ત્યાજ્ય છે તેમ જ હિન્દુસ્થાનનો ચીનની સાથેનો અફીણનો વેપાર ચીનને નુકસાનકર્તા હોઈ હું ત્યાજ્ય સમજું છું.

સત્યને સેવતાં પૈસા રહે તો ઠીક છે નહિ તો હાથનો મેલ સમજીને તેને જતો કરતાં એકપળવાર પણ આંચકો ખાવો નહિ.

જયાંસુધી માલેકો મજૂરોને પોતાના કુટુમ્બી ગણતાં નહિ , અગર તો મજૂરો પોતાના હકો અને તે મેળવવાની પદ્ધતિ જાણતા નહિ થાય ત્યાંસુધી મજૂરોની દશા સુધરવાની નથી.

હું છાતી ઠોકીને કહેવા ઇચ્છું છું કે વેપારીવર્ગ સ્વદેશીની ભાવના સમજતો થશે કે તુરતજ સ્વરાજય મળશે. સ્વરાજય મેળવવાની જે અનેક ચાવીઓ છે, તેમાં સુવર્ણની ચાવી તો સ્વદેશી વ્રતજ છે.

જે દેશ પોતાનો કાચો માલ બહાર મોકલે છે ને તેની પર બહાર મરામત થઇ પાછો આવે છે તે લે છે, જે દેશ પોતે રૂ પેદા કરવા છતાં પોતાનાં કપડાંના કરોડો રૂપિયા બહાર આપે છે તે દેશની દશા કંગાલ ન હોય તો શું હોય? જે દેશના લોકો પોતાના વિવાહ વગેરેના ખર્ચમાં પૈસા ખર્ચે તે સ્થિતિને ઉડાઉ ગણવામાં આવે તે દેશની દશા ભિખારી જ ગણાય. જે દેશ મરકી વગેરેના સુધારા કરવામાં પૂરતું ખર્ચ ન કરી શકે એ દેશ ભિખારીજ ગણાય.

વેપારીએ સ્વાર્થ જ સાધવો અને પૈસા જ એકઠા કરવા, એવો નિયમ નથી એવા વેપારને આપણે વેપાર નહિ કહીએ; પણ ચોરી કહીશું. જેમ સિપાઈ રાજ્યને સારૂ મરે છે તેમ વેપારીએ પ્રજાના સુખને અર્થે પૈસો ગુમાવવો ઘટે છે.

રાજકીય

જયાં રાજય અન્યાયી છે ત્યાં પ્રજાની સ્વતંત્રતા રાજાની જેલોમાં જ હોય છે.

આપભોગ ઉપર, યજ્ઞ ઉપર, કુરબાની ઉપર ખડો થયેલો ન્યાય જ આ સંસારમાં કોઇપણ મનુષ્યને માટે ખરી વસ્તુ છે.

ઉત્તમતાનું માપ તો નીતિ જ છે અને નીતિની પાછળ રહેલું સામ્રાજ્ય એ જ ખરું સામ્રાજ્ય છે.

સરકાર બૂરાં કામ કરે તેનું વર્ણન કરતાં મહોબત ઘટે, તો દોષ સરકારનો છે; બૂરાં કામ સરજાયાથી વર્ણવનારનો નથી; અને જો તેમ કરતાં કાયદાનો ગુન્હો ગણાય તો ગુન્હો એ પુણ્યકર્મ થવા જાય.

જુલમી રાજ્ય તળે સારા માણસને મારે જેલ એ જ ઘણું ભાગે પવિત્ર સ્થળ છે. જેલ એ આપણી સ્વતંત્રતાનું સ્થાન છે.

જે પશુબળથી બીજાને વશ કરવા માગતો નથી તે પશુબળને વશ પણ ન રહે.

લોકોના શુદ્ધ અનુગમાની સામે કોઈ બાદશાહી ટકી જ ન શકે.

ઇન્સાફ, રાજનીતિ ચોકખાં રાખવાં અને રખાવવાં એ રાજાની તેમજ પ્રજાની ફરજ છે.

જયારે અંતરના અવાજને દબાવી રાખવો એ ઇશ્વરનો ઇન્કાર કર્યો ખરેખર થઇ પડે તેમ હોય ત્યારે કાયદાનો સવિનય ભંગ એ માણસનો સર્વોપરી ધર્મ થઇ પડે છે.

સરકારની ખોટી લડત સામે લડવું તેમાંજ આપણી વફાદારી, આપણો ખરો ધર્મ છે. એ આપણે ન કરીએ તો આપણે વફાદાર નથી, ધર્મવાન નથી.

જે આગેવાનો જનસમાજના મોટા સમુદાયોને દોરનારા છે તેવાઓની કોઇ પણ સરકાર અવગણના કરી શકતી નથી, પછી ભલે તે નેતાઓ સરકારથી તદ્દન વિરૂદ્ધ મત ધરાવતા હોય.

આજે તો ધરતીનો એક ઇંચ પણ આપણો નથી; બધું સરકારી છે. આ જમીન, આ ઝાડ સહુ કંઇ સરકારી છે. શરીર પણ સરકારી છે અને આપણો આત્મા પણ આપણો પોતાનો છે કે નહિ તે વિષે આજે મને શંકા થઇ રહી છે.

મેં અનેકવાર કહ્યું છે તેમ તે જ રાજ્ય સર્વોત્તમ છે કે જે ઓછામાં ઓછી સત્તા વાપરે છે.

સ્વદેશાભિમાન.

દ્વેષભાવથી પોષાતું દેશાભિમાન મારે છે, પરંતુ પ્રેમભાવથી પોષાતું દેશાભિમાન તારે છે.

દેશના ઉદ્ધારને સારૂ દેશ ઉપર પ્રીતિ, દેશને અર્થે ભોગ એટલે ધર્મ જાગૃતિ સિવાય બીજા કશાની જરૂર નથી અને ધર્મ જાગૃતિ એટલે કર્તવ્યપરાયણતા. દરેકે પોતાનો આજનો ધર્મ સમજી તે આચરવો, એટલે કાલનો તેની મેળે મળી આવશે. આજનો ધર્મ એ છે કે, (૧) આપણે ક્રોધથી બીવું નહિ; (૨) સત્યજ આચરવું; (૩) દેશનો ભૂખમરો દૂર કરવા સારૂ સ્વદેશી ધર્મ ગ્રહણ કરવો; (૪) તે ધર્મ સહેજે પળાય તેટલા સારૂ આપણે ઘેર રેંટીયા દાખલ કરાવવા, ને હાથવણાટ વધારી વધારાવી તેથી પેદા થતું કાપડ પહેરવું.

જ્યાં લગી આપણે સ્વાર્થ છોડી પરમાર્થ ગ્રહણ નથી કર્યો, આપભોગ કરતાં નથી આવડયો, સાંચનોજ આશ્રય નથી લીધો.

બીક છોડી હિંમત ગ્રહણ નથી કરી, દંભ નથી છોડ્યો ને અ-જ્ઞાનનો ત્યાગ નથી કર્યો; ત્યાં લગી દેશની ખરી ઉન્નતિ થવા-નીજ નથી.

યુરોપીયન પોશાકનું અનુકરણ કરવું એ આપણી અધોગતિની, દુર્ગતિની અને કમજોરીની નિશાની છે.

મોતનો ડર આપણે મેલીએ તો ઘણાં સારાં કામો કરી શકીએ.

ધાર્મિક.

જ્યારે જ્યારે જે વસ્તુ આપણને એટલે દરજ્જે નાપસંદ હોય કે તેના સ્વીકારથી આપણો આત્મા હણાય, ત્યારે ત્યારે તે વસ્તુનો ત્યાગ કરવાનો આપણને અધિકાર છે, અને એ આપણી ફરજ છે.

ઉપવાસ તો ખરો ત્યારે જ કહેવાય કે જ્યારે ઉપવાસની સાથે શુદ્ધ વિચારોનું સેવન થાય અને અધર્મ વાસનાઓની સામે ટક્કર ઝીલવા સંકલ્પ થાય. તેજ પ્રમાણે પ્રાર્થના પણ ખરીજ ત્યારેજ કહેવાય કે જ્યારે તે સમજપૂર્વક અને ચોક્કસ રીતે થાય. મનુષ્યે તેની સાથે તન્મય થવું જોઈએ. આપણું મન દશે દિશામાં ભટકતું હોય ત્યારે પ્રભુના નામના મણકા ફેરવવા નકામા છે.

ધર્મસંકટો પડતાં જ માણસ ઘડાય છે. પડી પડીને જ ચઢે છે. 'રખેને ભૂલ થશે તો' એમ સમજી સાવધ રહેવું આ-પણું કર્તવ્ય છે. એમ સમજી કંઈ ન જ કરવું એ કાયરતા છે

એટલે ભૂલ થવાની ધાસ્તી છતાં એ જ્યાં અન્યાય નાલમં પડે ત્યાં પ્રેમભાવે તેનો વિરોધ કરી પરિણામના અધિકારી ન બનવું એજ ગીતામાર્ગ છે.

યજ્ઞના ઘણાએ અર્થ કરી શકાય છે, પણ સ્વધર્મને સામાન્ય એવો યજ્ઞનો એક જ અર્થ છે, અને તે એ કે ખરેખરી ઉન્નતિને સારૂ આણાર્પણ કરવા લગી તૈયાર રહેવું.

જેની આપણે પૂજા કરતા હોઇએ તેના સદ્ગુણોનું અનુકરણ એ જ પૂજા છે.

આપણે આપણી શ્રદ્ધાને ખોઇ બેઠા છીએ. યાત્રાસ્થાન પવિત્રતાને બદલે પાખંડના ધામ બનેલાં છે એ હું નજરે જોઇ રહ્યો છુ.

જો આપણો ધર્મ હિન્દુઓનો ધર્મ અને મુસલમાનોનો ધર્મ—આપણને કંઇ શીખવતો હોય તો પહેલી વસ્તુ તે એ શીખવે છે કે આપણે આપણા વિષયોને, આપણી ઇંદ્રિયોને, કાબુમાં રાખવાં. બધા જ ધર્મો આપણને શીખવે છે કે જગતમાં જેટલી સ્ત્રીઓ છે તે બધી મોટી ઉમ્મરની તેટલી માતા સરખી છે, સરખી વયની બ્હેન સમાન અને નાની દીકરી થઇ શકે એવડી હોય તો તે દીકરી સમાન ગણવાની છે.

સત્યનું પાલન, બ્રહ્મચર્યનું પાલન, એ સામાન્ય ધર્મો છે.

ગૃહસ્થોને માટે પણ બ્રહ્મચર્ય પાલન એ ધર્મ છે. બ્રહ્મચર્ય એટલે કાન, આંખ, નાક, જીભ અને ચામડી બધી ઇન્દ્રિયોના

સંયમ. આ ધર્મ કેવળ સંન્યાસીને માટે નથી, સદ્ગૃહસ્થોને માટે છે. આ સાદા નિયમો ન પાળતો હોય તો તે સદ્ગૃહસ્થજ નથી.

જો તમારી હિન્દુસ્તાનને સુખી કરવાની ઇચ્છા હોય તો તમારો પહેલો ધર્મ એ છે કે તમારે જુદા જુદા ધર્મોની સાથે એકદિલ થઈને રહેવું.

જીવન સૂત્રો.

સત્યમાં સર્વ ધર્મની સીમા છે. સત્ય એ પરમેશ્વર છે. સત્ય કરતાં પર એવો કોઇ ધર્મ નથી.

અન્નને સારૂ ને વસ્ત્રને સારૂ જે યજ્ઞ ન કરે તેને અન્ન નો કે વસ્ત્રનો અધિકાર જ નથી ગુલાની પ્રવૃત્તિ ન કરે તે ખાય નહિ, રેંટીયો ચલાવે નહિ તે પહેરે નહિ. યજ્ઞ એટલે કુરબાની, યજ્ઞ એટલે આપભોગ, યજ્ઞ એટલે શારીરિક મહેનત.

દુષ્ટની પણ સેવા કરવી એ સર્વ ધર્મનું શિક્ષણ છે. ધર્મીની પરીક્ષા જ તેના રાગદ્વેષાદિના રોકવામાં છે. ગુસ્સાનું કારણ મળતાં છતાં જે ગુસ્સાને રોકે છે એણે જ પ્રભુને પિછાન્યો.

જે માણસ ઇશ્વર ઉપર જ બધું છોડે છે તેને જગતમાં કદિ હારવાનું રહેલું જ નથી.

મેં આ જીવનના સૂત્ર તરીકે સ્વીકાર્યું છે કે જ્યાંસુધી તેને (માણસને) ધાર્મિક ટેકો નહિ હોય, ત્યાંસુધી કોઇ માણસ પછી તે ગમે તેટલો મોટો હોય, તો પણ તેણે કરેલું કોઈ પણ કાર્ય વાસ્તવિક રીતે ફલીભૂત નહિ થાય.

ઇશ્વરની આજ્ઞા અને માબાપની આજ્ઞા વચ્ચે વિરોધ હોય ત્યાં ઇશ્વરની આજ્ઞાને વધારે માન આપવાનું શું કહી રહ્યો છું.

કોઈ પણ જાતના વાંધા ભરેલાં તત્વોથ નિરાળું સુન્દર, આબાલવૃદ્ધને ઉપયોગી અને લાયબ્રેરીને શોભા આપે એવું

સરળ સાહિત્ય

<u>નવલ કથા</u>

અદ્ભુત આગબોટ	૧–૦–૦
દરિયાની ડાકણ	૨–૦–૦
આસામપર હુલ્લો	૧–૪–૦
મધુસૂદન	૧–૮–૦
રણજીત કુસુમ	૨–૦–૦
સોનેરી શિર	૨–૦–૦
પિશાચોની પ્રપંચલીલા	૧–૪–૦
પેશાવરના હિન્દુ હીરા	૧–૪–૦
સુવર્ણ કુમારી	૧–૮–૦
સુધારાનો સાર	૧–૮–૦
શ્વેત ભાનુ	૧–૮–૦
પ્રમોદા	૧–૪–૦
ડીટેક્ટીવનાં પરાક્રમો	૧–૦–૦

નાટકો

મેવાડ પતન	૧–૮–૦
સ્વામી વિવેકાનંદ	૧–૪–૦

ગાંધીજીનાં રચેલાં પુસ્તકો.

	કિંમત.
મારો જેલનો અનુભવ	૦—૬—૦
ફીજીસનો ઉદ્ધારક	૦—૬—૦
હિન્દ સ્વરાજ	૦—૩—૦
અસહકાર	૦—૬—૦
સત્યાગ્રહ	૦—૮—૦
વિદ્યાર્થી આલમને	૦—૪—૦
ખુલ્લા પત્રો	૦—૬—૦
વચનામૃત	૦—૨—૦
મનોમન્દિર	૦-૧૦-૦
હ્રદયવાણી	૦—૨—૦
કાયદાની સામે થવાની ફરજ	૦—૧—૦

ગાંધી ગ્રંથમાળાના ગ્રાહક થવા માટે નિયમો પૂછાવો.

રગે રગે દેશ સેવાની ભાવનાને પ્રેરે તેવું સુન્દર રાષ્ટ્રીય સાહિત્ય. તમારા હ્રદયને થનથન નચાવશે અને સ્વદેશ પ્રેમને પ

ઝેરી તમારી નસેનસમાં વહેવરાવશે.

રાષ્ટ્રગીત	૦-૧૦-૦
હિન્દ કીર્તન (સચિત્ર)	૦-૬-૦
સત્યાગ્રહીના સ્વાતંત્ર્ય મંત્રો	૦-૧-૦
સ્વદેશ ગીતો (સચિત્ર)	૦-૧૨-૦
સ્વદેશ ગીતાવલિ	૦-૧૪-૦
સ્વદેશ ગીતામૃત	૦-૫-૦
સ્વરાજ કુસુમાવલિ	૦-૧-૩
ગાંધીજીનું જીવનચરિત્ર	૧-૮-૦
તિલકનું જીવનચરિત્ર	૦-૨-૦
દેશબંધુ દાસ	૦-૪-૦
દાદાભાઈ ચરિત્ર	૦-૬-૦
રેંટિયા પુરાણ	૦-૧-૦
અલિ બિરાદરનો કેસ	૧-૦-૦
સ્વરાજ કીર્તન	૦-૨-૦
હૃદય મંથન	૦-૮-૦
ગાંધીજીના પ્રસંગો	૦-૪-૦
પૂર્વ અને પશ્ચિમ	૦-૪-૦

જરૂર લખો :—

ગાંડીવ સાહિત્ય મન્દિર—સુરત.

આપણે સ્વર્ગમાં જવું હોય તો બાળકના જેવું (નિર્દોષ) થવું જોઇશે.

જે પ્રભુ–પ્રાર્થના વિના, સંધ્યાસ્નાનાદિ વિના દહાડો ગાળે તે પ્રભુનો ચોર બને અને આત્માને ઓળખતાં ન જ શીખે.

સેવા.

જે પડોશીની સેવા કરે છે એ આખા જગતની સેવા કરે છે.

અત્યારે જેને સેવા કરવાનો ઉમંગ છે, જેમને સેવાની કુંચી હાથ લાગી ગઇ છે તેમણે તો ભાવનાઓ પેદા કરવાના કામમાં પડવાને બદલે કામ જ કરવા મંડી જવાનું છે. તેમનું પ્રથમ કર્તવ્ય, અને છેલ્લું કર્તવ્ય કામજ હોવું જોઇએ. કામ કર્યા પછી જ અને તે કરતાં જ તેઓ પોતાનો સંદેશો બરાબર સંભળાવી શકશે.

બધા વાઇસરોય અથવા તો જનરલ થઇ ન શકે પણ સહુ સેવક કે સિપાઇ થઇ શકે છે. સમાજની સેવા એ મોટો ધર્મ છે.

કુટુંબસેવા એ લોકસેવાની વિરોધી ન હોઇ શકે. પહેલાં પોતાની સેવા, પછી કુટુંબસેવા પછી ગામસેવા અને પછી દેશસેવા, એ ક્રમ હું માનું છું. પરંતુ કોઇ પણ, સેવા, જગતના કલ્યાણની વિરુદ્ધ ન હોવી જોઇએ.

જ્યાં લગી બાળલગ્નની હાંસડી આપણે પહેરવી સરજત હશે. ત્યાં લગી પુરુષોએ પોતાની સ્ત્રીઓના શિક્ષક બનવું પડશે.

જે માણસને પ્રજાની સેવા કરવી હોય એણે તો ચાપ પહેલેથી જ છોડી દેવી જોઇએ.

મને પોતાને પરિષદોમાં બહુ શ્રદ્ધા નથી. સમાજસેવા વધારે અસરકારક રીતે તો આડંબર વિના જ કરી શકાય. ડાબા હાથ ની થતું કાર્ય જમણો પણ ન જાણી શકે એવી રીતની સમાજ સેવા શ્રેષ્ઠ છે.

સ્વયંસેવક એ કે જે પગાર લઇ સેવા કરનારના કરતાં વધારે વેતરૂં કરે, વધારે પ્રમાણિક હોય, વધારે શકિત ધરાવે, વધારે નમ્ર હોય, હુકમને તાબે રહેવાની શકિત વધારે ધરાવે. એવા સેવકને માત્ર તેના પેટ પૂરતું જ આપેલું હોય. એ ભિક્ષા ઉપર નથી નભતો, પણ એ દેશની સાચી સેવા કરે છે. એ વધારે આપે છે અને થોડું લે છે.

પ્રજા ઉપર કામની કાયમની છાપ રહે એવું કરવું હોય તો ગોખલેજીના શબ્દોમાં 'કામ કરનાર માણસો તે કામને માટે પોતાનુ જીવન સમર્પવું જોઇએ' આવા કામ કરનારા લાવો, અને હું ખાત્રી આપું છું કે દેશ જે દુઃખોથી પીડાઈ રહ્યો છે. તેમા થી તેઓ તેને મુકત કરશે.

હિન્દુસ્તાન તેના શહેરોમા નથી. હિન્દુસ્તાન ગામડાંઓમા વસે છે.

સામાજીક.

ન્યાયને સારૂ મરવું એ મનુષ્યનો કાયદો છે; મારવું એ જનાવરનો છે.

લોકોએ જ્ઞાનપૂર્વક અથવા તો અજ્ઞાનપૂર્વક - પણ સ્વેચ્છાએ ગ્રહણ કરેલો ફેરફાર એ જ ખરો સુધારો-મ. ગ.

અમે તેટલા ગુસ્સાનું કારણ મળતાં છતાં જે માણસ ગુસ્સાને વશ ન થઇ નુકસાન નથી કરતો તે જ જીતે છે, તેણે જ કાયદો પાળ્યો ગણાય. જે પ્રજા કાયદો પાળી જાણતી નથી તેને અન્યાયની સામે થવાનો હકક નથી.

હું તો એમ માનું છું કે આપણે ખાવાની ક્રિયાને મોટું મહત્વ આપી મંદવાડ અને ભૂખમરો વ્હોરી લીધાં છે ને સંયમને અઘરો કરી મૂકયો છે.

દરેક ક્ષેત્રમાં દંભ વધી પડયો છે. નબળાઇની સાથે દંભ હંમેશાં રહેલો જ છે. વળી જયાં લોકો નીતિવાન થવા ઇચ્છતા હોય છતાં ન થઇ શકે ત્યાં દંભ વધે જ, કેમકે નીતિવાન ન હોઇએ તો દેખાવાની લાલચે તણાઇ એક અનીતિમાં બીજીનો ઉમેરો કરીએ છીએ. આપણા ધર્મમાં પણ દંભે સંપૂર્ણતાએ પ્રવેશ કર્યો છે; તે એટલે લગી કે આપણાં ટીલાં, માળા ઇ૦ આપણી પવિત્રતાની નિશાની હોવાને બદલે અપવિત્રતાની સંજ્ઞા થઇ પડયાં છે.

જાહેર સેવા કરનારનો ધર્મ પ્રજાના પ્રવાહની ગતિ હોય તેમાં તણાવાનો નથી પણ જો તે ગતિ અવળી હોય તો તેને સવળી કરવાનો છે.

જે પરને પીડા કરે છે, પારકાનો દ્વેષ કરે છે, તેને નુકશાન કરે છે, એ માણસ જગતમાં રહેવાને લાયક નથી. કેમકે જગત્ તેનું વેર કરે છે તેથી તેને હંમેશાં જગતથી ડરીને રહેવું પડે છે ને જગત તેનાથી ડરે છે. બળ પૃથ્વી પ્રેમથી બંધાએલી છે.

બળ.

ઇશ્વર ઉપર વિશ્વાસ રાખી આપણે કોઇના શરીરબળથી ન જ ડરવું. શરીરબળીઆ વધારેમાં વધારે આપણા શરીરનો નાશ કરવાની સત્તા ધરાવે છે તે શરીર વિશે આપણે નિડર બનીએ ત્યારે આપણે સિંહ છીએ. એટલે બળ, ગાઢા શરીર મેળવવામાં નથી પણ મનની મજબુતીમાં, આત્માના ઓળખાણમાં, મોતની નિડરતામાં રહેલું છે.

માણુસ ખરેખરીયો પોતાના નીતિબળથી કે શરીરબળથી બની શકે છે. શરીરબળથી એકસરખાપણું મેળવવું એ ઉતરતી પંકિતનું સરખાપણું છે. એ પશુનીતિ છે.

નામર્દાઈ કરતાં તો પશુબળ વાપરવું વધારે સારૂં છે.

ક્ષમા એ વીરતાનો ગુણ છે. જેનામાં વેર વાળવાની શકિત છે, તે પ્રેમ કરી જાણે; જેનામાં વિષયો ભોગવવાની શકિત છે તે વિષયોને રોકી બ્રહ્મચારી ગણાય. ઉંદર બિલાડીને ક્ષમા આપી જ ન શકે. હિન્દુસ્તાનમાં લડવાની તાકાત હોય છતાં ન લડે એ જ આત્મબળની નિશાની ગણાય.

જે વ્યકિત અથવા પ્રજા પોતાના દોષો જોવા નથી ઇચ્છતી અથવા કબૂલ કરતાં ડરે છે તે આગળ વધી જ ન શકે.

ખરો લડવૈયો એ છે કે જે મારીને મરતો નથી પણ મરીને જીવવાનો મંત્ર સાધી લે છે.

વગર હથિયારે દુશ્મનની સામે ઉઘાડી છાતીએ મરવાની જે હિમ્મત કરી શકે તે શુરવીરમાં શુરવીર સિપાઇ છે.

હું માનું છું કે શત્રુને મારવો એ મનુષ્ય સ્વભાવનું પતન છે. એમાં હિણપત છે. અને કોઇ પણ પ્રસંગે ભેદ રમવાથી ખરો લાભ થતો જ નથી. ભેદ રમનારનો આત્મા હણાય છે.

દાબી રાખેલી ઉષ્ણતામાંથી જેમ શકિત પેદા થાય છે તેમ સંયમમાં રાખેલ ક્રોધમાંથી પણ એવું બળ પેદા કરી શકાય કે જે સારા જગતને ઉથલાવી નાખે.

હરકોઈ [illegible] વિરોધમાંથી ઉલટું પોષણ મેળવે છે અને વૃદ્ધિ પામે છે.

મનુષ્યને [illegible] એકવાર એવો પ્રસંગ આવે છે કે જ્યારે ખુદા કે શયતાન [illegible] માંથી એકનો પંથ તેણે ગ્રહણ કરી લેવા જોઇએ.

ખરી સીપાહીગીરી મરવામાં છે મારવામાં નથી; ઢાલની આબરૂ સાચવવામાં છે, લૂટવામાં નથી.

પરિણામની બીક રાખ્યા વિના વિશ્વાસ રાખી ઝંપલાવવું એ વીરતા છે.

આપણું પોતાનું માન જાળવવું એ આપણો ધર્મ છે.

લૂંટીને જીવવા કરતાં તો આપઘાત કરવો સારો; બીજાને લૂંટીને ખાવા કરતાં ભૂખે મરવું તે સારૂં. બીજાને લૂંટીને કપડાં પહેરવાં તે કરતાં નગ્નદશામાં ફરવું વધારે સારૂં છે.

પ્રતિજ્ઞા લઇને જે તોડે છે તે હેવાન બની જાય છે, નામર્દ બની જાય છે. પ્રતિજ્ઞા લો જ નહિ એ બહેતર છે; પ્રતિજ્ઞા લઇને તોડવી એ ભારે ગુન્હો કર્યા બરાબર છે.

સત્યની પ્રતિજ્ઞા લીધી હોય તો પ્રાણ બચાવવાની ખાતર કે કોઇ મનુષ્ય બચાવવાની ખાતર પણ તમે અસત્ય નથી બોલી શકતા.

ક્ષત્રિનો ધર્મ કોઇ ગાળો દે—લાકડી મારે—ધારીયું મારે તો સામું મારવામાં નહિ પણ સહન કરવામાં છે. ક્ષત્રીનો ધર્મ ન ભાગવાનો છે. જ્યાં સૌથી વધારે મરવાનો સંભવ ત્યાં જઇને ઉભો રહે તે જ બહાદુર; જે ભાગી શકે તેને કાંઈ બહાદુર નથી. કહેતું. એક કુંભાર ગધેડીને માર્યા કરે છે તેને આપણે ક્ષત્રી નથી કહેતા.

આપણુ નિર્બળતા છુપાવવામાં જોખમ છે પણ એથીયે વિશેષ જોખમ હિંમતનો ખોટો ડોળ કરવામાં રહેલું છે.

આપણો અવિશ્વાસ ૦ ર મોટામા મોટું વિઘ્ન આપણા રસ્તામાં છે.

પાપ છેતરનારને હોય, છેતરાનારને ન હોય.

બાપના જીવતાં જે પુત્ર બાપના સદ્‌ગુણોની નકલ ઓછી કરતો હોય તોપણ બાપ મર્યે સંપૂર્ણતાયે તેમ કરે તે સપુત છે; નહિ કે જે ખુબ રોકકળ કરી મૂકે અથવા ખુબ ન્યાતવરા કરવામાં મચી જાય.

આપત્તિ હોય, જોખમો હોય, તે ખેડવાં ને પોતાનું કામ કરવુ એ વીરતાની નીશાની છે.

પાપ કરવાની છૂટ હોવા છતાં જે પાપ નથી કરતો તેજ પુણ્યવાન કહેવાય ને તેવાઓથીજ આપણને ફાયદો થાય.

જે પ્રજા પોતાનાં બાળકોને, પોતાની સ્ત્રીઓને, ને પોતાના નોકરોને માન નથી આપતી તે પ્રજાની સભ્યતા નાશ પામે છે.

જે મોતની અણીએ ઉભા પણ ઇશ્વરને ન ભૂલે તેનોજ મોક્ષ સમજે, મરતાં સુધી જે ભલાઈ ન છોડે તેજ ભલો કહેવાય.

ચોરથી બચવું એ જેટલું જરૂરનું છે તેના કરતાં ચોરને તેના ધંધામાંથી બચાવી લેવો એ વધારે જરૂરનું છે.

જે શાન્તિ બીકને માર્યે કે નબળાઇને લીધે જળવાય છે તે શાન્તિજ નથી. ખરી શાન્તિ એજ હોઇ શકે કે જેમાં બળ ને તેજ રહ્યાં છે. શાન્તિ એ પણ એક સૂક્ષ્મ વીર્ય છે તેનો સંચય કરનારા પણ પ્રૌઢ બ્રહ્મચારી બને છે ને તેથી તેજસ્વી બને છે.

અહિંસાધર્મ

જે અહિંસા ધર્મનું પુરેપૂરૂ પાલન કરે છે. એના ચરણોમાં આખો સંસાર આવીને પડે છે. આસપાસના જીવો પર પણ એનો પ્રભાવ પડે છે કે સાપ અથવા બીજા ઝેરી જાનવર પણ તેને કાંઇ હાનિ કરતાં નથી.

અહિંસાનો વાસ્તવિક અર્થ એ કે તમે કોઇ મનુષ્ય (પ્રાણી) નું ચિત્ત ન દુખાવો, અને તમે જેને પોતાના શત્રુ સમજતા હો તેના સંબંધમાં પણ હૃદયમાં કાંઇ ખરાબ ભાવ ન રાખો. જે મનુષ્ય અહિંસાના સિદ્ધાંત પર ચાલે છે, તેનો કોઇ શત્રુ રહેતોજ નથી.

સત્ય અને અહિંસાજ મારૂં ધ્યેય છે. अहिंसापरमोधर्मः થી મહાન શોધ દુનિયામાં બીજી નથી. જે ધર્મમાં જેટલી પણ થોડી હિંસા છે, તે ધર્મમાં તેટલું સત્ય પણ વધારે છે એમ સમજવું જોઇએ. આપણે જો ભારતનો ઉદ્ધાર કરી શકીએ તો કેવળ તે સત્ય અહિંસાથીજ કરી શકીએ.

જીવનનો મેં એક સિદ્ધાંત નક્કી કર્યો છે. તે સિદ્ધાંત એ છે કે કોઇ માણસનું-ભલેને ગમે તેટલો મહાન કેમ નથી-કોઇ પણ કામ ત્યાં સુધી કદી સફળ કે લાભદાયક નહિં થાય કે જ્યાં સુધી તેને કોઇ પણ પ્રકારનો ધાર્મિક આશ્રય ન હોય. અહિં 'ધર્મ' શબ્દના પ્રયોગનું તાત્પર્ય એ નથી કે તમે સંસારના સર્વ ધર્મગ્રન્થો વાંચીને શીખશો. જે ધર્મમાં ખરૂં તાત્પર્ય છે. તે વાસ્તવિક રીતે મગજ દ્વારા ગ્રહણ કરી શકાતો નથી. પરંતુ તેનો સંબંધ હૃદયની સાથે છે. તે એક એવી વસ્તુ છે જે આપણને પ્રત્યક્ષ તો નથી થાતી પરંતુ આપણામાં તેનું પ્રકટીકરણ થાય છે. એ ધર્મ આપણા લોકોના હૃદયમાં અવશ્ય રહે છે. અને કોઇ લોકોને તો એ હૃદયમાં રહ્યાનું જ્ઞાન થાય છે. અને કોઇને તો તેનું સ્હેજે જ્ઞાન થતું નથી. પરંતુ તે હૃદયમાં રહે તો અવશ્ય છેજ. આ ધર્મભાવને જોઇએ તો આપણે કોઈ બહારની સહાયતાથી જાગ્રત કરીએ અથવા જોઇએ તો આત્મિક ઉન્નતિ દ્વારા જાગ્રત કરીએ પરંતુ જો કોઇ કાર્યને આપણે ઉચિત રીતે કરવા અથવા કોઈ એવું કાર્ય કરવાને ઇચ્છીએ કે જેના કરવાથી આપણો વિવેક આપણને વિવશ કરતો હોય; તો એ સ્થિતિમાં એ ધર્મભાવને જાગ્રત કરવોજ પડશે. આપણા ધર્મશાસ્ત્રોમાં એવા નિયમો બતા-

વવામાં આવ્યા છે કે જે જીવનના સત્યસિદ્ધાંત છે અને જેને આપણે માનવાજ પડે છે.

જયાં ધર્મ નથી ત્યાં નથી વિદ્યા, નથી લક્ષ્મી, કે નથી આરોગ્ય. ધર્મરહિત સ્થિતિમાં પૂરી શુષ્કતા છે, સદા સર્વદા સર્વ રીતે શૂન્યતાજ છે. આ ધર્મશિક્ષણને આપણે ખોઇ બેઠા છીએ. આપણી શિક્ષણ પદ્ધતિમાં તેનું સ્થાનજ નથી. "આ વાત એવી છે કે ' વર વિનાની જાન. ' ધર્મને જાણ્યા શિવાય વિદ્યાર્થી કઇ રીતે નિર્દોષ આનંદ પ્રાપ્ત કરી શકે ? આ આનંદ મેળવવા માટે શાસ્ત્રનું અધ્યયન, તેનું મનન અથવા વિચાર અને એ વિચાર અનુસાર અસ્ખલિત આચરણ આવશ્યક છે.

સત્યાગ્રહ.

સત્યગ્રાહ વિશુદ્ધ આત્મશક્તિ છે; આત્મા એ સત્યનું સ્વરુપ છે. તેને લીધેજ એ શક્તિને સત્યાગ્રહ કહે છે. આત્મા જ્ઞાનમય છે. તેમાં પ્રેમભાવ પ્રજ્વલિત થાય છે. અજ્ઞાનથી કદાચ આપણા કોઇ કષ્ટ દેશે તો આપણે તેને પ્રેમભાવથી જીતી લઇશું. પ્રેમનેજ વશ થઇને સંસાર ચાલે છે.

સત્યાગ્રહી પોતાના શરીરની પરવા નથી રાખતો. તે જે વાતને સત્ય સમજે છે તેને છોડતો નથી. પરાજય એવો શબ્દ તેના શબ્દકોષમાં છેજ નહિ. તે શત્રુનો નાશ નથી ઇચ્છતો, શત્રુપર રોષ નથી કરી શકતો પરંતુ તેની ઉપર દયાભાવ રાખે છે.

જેણે સત્યાગ્રહ માટે સર્વસ્વનો ત્યાગ કર્યો તેણે સર્વ કાંઇ પ્રાપ્ત કીધું. કારણ કે તેની પાસે સંતોષ એજ સુખ છે. બાકી તે

શિવાય સુખ કોણે મેળવ્યું છે ? અન્ય સુખ મૃગજલ સમાન છે. જેમ જેમ તેની નજીક જવાનો યત્ન કરીએ તેમ તેમ તે દૂર જતું જાય છે.

દયાબલજ આત્મબલ અથવા સત્યાગ્રહ છે. અને એ બલની સિદ્ધીનાં પ્રમાણો ડગલે ને પગલે મળે છે. જો એ બલ નહોત તો પૃથ્વી ક્યારની એ રસાતલ પહોંચી ગઇ હોત.

તલવાર ચલાવવામાં જરા પણ બહાદુરી નથી. મારવાવાળાની કદાચિત ભૂલ હશે તો તે ભૂલ હંમેશ તેને ખટક્યાજ કરશે, કે મેં હત્યાનું પાપ કર્યું છે. પણ મરવાવાળાએ ભલેને ભૂલથી મૃત્યુ અંગીકાર કર્યું હોય તો પણ તેનો વિજયજ છે. સત્યાગ્રહ અહિંસા ધર્મ છે. અને તેને માટેજ તે સદા સર્વદા સર્વત્ર ધન્ય છે, ઈષ્ટ છે. શસ્ત્રબળ હિંસાત્મક છે. તેને લીધે તે બધા ધર્મોમાં નિંદ્ય ગણવામાં આવ્યું છે. શસ્ત્રબળ ધારણ કરનાર પણ પોતાના પ્રયોગની બહુજ મોટી સીમા આંકે છે; પરંતુ સત્યાગ્રહને માટે કોઇ સીમા કે મર્યાદા છેજ નહિ. અને જો તેની મર્યાદા છે તો તે કેવળ સત્યાગ્રહીની તપશ્ચર્યા એટલે દુઃખ સહન કરવાની શક્તિની સીમા છે.

સત્યાગ્રહ એક એવી તલવાર છે કે જેની સર્વ બાજુએ ધાર છે. એનો ઉપયોગ દરેક રીતે થઈ શકે છે. તે એક ટીપું પણ લોહીનું રેડ્યા શિવાય ચલાવનારનું કલ્યાણ કરે છે. તેનું પરિણામ બહુજ દૃઢ અને ગહન આવે છે. તેમાં નથી મોરચો મંડાતો કે નથી તેને કોઇ ચોરી શકતું. સત્યાગ્રહી તલવાર માટે નથી કોઇ મ્યાનની જરૂર કે નથી કોઇ તેને જબરજસ્તી ચડાવી શકતું.

કેળવણી.

મારા વિચાર પ્રમાણે તો આપણી કેળવણીની પદ્ધતિ એવી ખરાબ અને સડેલી છે કે તેને પરિણામે આપણાં ભેજાં ખવાઇ ગયાં છે અને આપણે પશ્ચિમના અધકચરા જ્ઞાનથી કેટલીક વેળા આડે રસ્તે દોરવાઇ જઇએ છીએ.

અક્ષરજ્ઞાન એટલે જ દરજ્જે જરૂરનું છે કે જેટલે દરજ્જે તે આપણી વિચારશકિતને ખીલવે અને આપણને સારાસારનો નિર્ણય કરતાં આવડે.

આપણે મનુષ્ય બનવું એ પ્રથમ ભણતર છે. મનુષ્ય જ અક્ષરજ્ઞાનને લાયક છે. જે મનુષ્યત્વ ગુમાવી બેઠા છે તેને શીખવીને શું કરવું? અક્ષરજ્ઞાનથી મનુષ્યત્વ નથી આવતું.

શિક્ષકો જો હિંમત ધરીને કહેશે કે અમે ભીખ માગીનેયે સાચું રાષ્ટ્રીય શિક્ષણ જ આપીશું તો આકાશમાં દેવતાઓ પણ જોવા આવશે અને તેઓ પૈસાના વરસાદ વરસાવશે.

મનુષ્ય થવું એને હું પહેલી કેળવણી માનું છું.

પચીસ કે ત્રીસ વરસ સુધી ન પરણવાનાં જુવાન પુરૂષોએ વ્રત લેવાં ઘટે છે.

શિક્ષણપદ્ધતિના ખાસ દોષો—એક તો એ જ છે કે નિશાળોમાં કશું ખરૂં નૈતિક કે ધાર્મિક શિક્ષણ તો અપાતું જ નથી. બીજો દોષ એ કે શિક્ષણ અંગ્રેજી ભાષા મારફત અપાતું હોવાથી છોકરાંઓના મગજ ઉપર બેહદ તાણ પડે છે અને પરિણામે

નિશાળોમાં અપાતા ઉંચામાં ઉંચા વિચારોને છોકરાંઓ ગ્રહણ કરી શકતા નથી. બહુ બહુ તો પોપટની પેરે કેટલીક ગોખેલી વાતો પઢી જાણે છે. આ બે દોષો તો નીકળી જવા જ જોઇએ. એ ઉપરાંત આધુનિક શિક્ષણપદ્ધતિમાં અંગત તત્વ નથી શિક્ષકોએ વિદ્યાર્થીઓ જોડે અંગત સંબંધ કેળવવો જોઇએ. હાલના કરતાં વધુ સારા અને વધુ સંસ્કારી શિક્ષકોનો વર્ગ જોઇએ. (આ ત્રણ દોષો નીકળી જાય તો શિક્ષણપદ્ધતિ આજે સુધરે)

જેનામાં વખત આવ્યે કુરબાની કરવાની શક્તિ હોય, ફાંસી પર ચઢવાની તાકાત હોય, ભેખ લેવાની તાકાત હોય, તે જ વિદ્યાર્થી મને જોઇએ છે.

પ્રકીર્ણ

જન્મથી રાજી થવું ને મરણથી ડરવું એમાં ભારે મૂર્ખતા છે.

આપણા હૃદયની સાથે આપણા હસ્તાનો સુંદર સહકાર જામે નહિ, ત્યાં સુધી આપણું જીવન ખરૂં જીવન નહિ બને.

પ્રતિજ્ઞા તોડીને મને આઘાત કરે તેના કરતાં રાત્રે આવી મારી ગરદન કાપે એ ઠીક. મારી ગરદન કાપનારને માફ કરવા હું ઇશ્વરને કહું; પરંતુ પ્રતિજ્ઞા તોડી આઘાત કરનાર માટે હું માફી માગી શકું નહિ.

જેને ભૂલ કરવાનો હક્ક નથી તે કદિ સુધારો કરી શકવાના નથી.

અત્યારે આપણને ચારિત્ર જોઇએ છીએ, ખુશામત જો નથી. પોતાનો સ્વાર્થ તજીને કામ કરનારા માણસોની જરૂર. નહિ કે બડેખાંઓની.

...આમાં આજ સુધા...

...ખા કોશીશો અને જહેમ...

...ની અસાધારણ કોશીશ કર્યા વિ...

...ા છેલ્લી કસોટી આકરામાં આકરી હોય

...લામાં છેલ્લી લાલચ સૌથી વધુ લોભાવનારી હોય છ

...સ્વતંત્રતા આપણને પ્યારી હોય તો એ ઇશ્વરી કસોટીમાંથી આપણે અગ્નિશુદ્ધ પાર ઉતરવું જોઇએ; સેતાનની એ છેલ્લી લાલચમાંથી હરભોગે ઉગરવું જોઇએ.

તમે અજ્ઞાનપણે બાળવિવાહનું પાપ કર્યું છે. જ્યાં ...ધી કન્યાની પાકી ઉમ્મર નથી થયેલી, તે કેળવણી નથી ...લી, ત્યાં સુધી તમે શુદ્ધ બ્રહ્મચર્ય પાળી, તેને તમે ...અથવા બીજાના મારફતે શિક્ષણ આપી પ્રજા ઉત્પન્ન ...અને પાળવાને સારૂ લાયક ન બનાવો ત્યાં સુધી તમે ...કારે આ પાપમાંથી મુક્તિ મેળવવાના નથી.

તેજ માણસ નિરોગી કહેવાય કે જેના શુદ્ધ શરીરમાં શુદ્ધ મન નિવાસ કરે છે.

...ના ઉપર પ્રહાર કરે છે
...ની ગુન્હેગાર થાય છે. ક્રોધમાં
...સહન કરે છે ત્યારે પોતે પવિત્ર બને છે
...ના ઉપર પવિત્ર અસર ઉપજાવે છે.

સમાપ્ત.
